## છેલ્લે... છેલ્લે...

- મહારાષ્ટ્ર સરકારે કર્મચારીઓ માટે ડ્રેસ કોડ જાહેર કર્યો. જીન્સ પેન્ટ અને ટીશર્ટ પહેરીને ઓફિસ નહી આવી શકાય.
- અમેરિકામાં ઈમરજન્સ કેસમાં ફાઈઝરની વેક્સિનને મંજૂરી અપાઈ.
- રેલવે દ્વારા ૧૫મીથી ભરતી પ્રક્રિયા શરૂ થશે.
- આર.એસ.એસ.ના પ્રમુખ મોહન ભાગવત બે દિવસ માટે પશ્ચિમ બંગાળના પ્રવાસે.
- હૈદરાબાદની દવાની ફેક્ટરીમાં ભીષણ આગ લાગતા આઠના મોત.
- હરદ્વારમાં ૧૪મી જાન્યુઆરીથી મહાકુંભ મેળો આરંભાશે.
- પુરી જગન્નાથ મંદિર ત્રીજી જાન્યુઆરીથી દર્શનાર્થીઓ માટે ખુલશે.

# નવા કૃષિ કાયદાથી દરેક ક્ષેત્રે રોકાણ વધશે: મોદી

## વડાપ્રધાને એફઆઈસીસીઆઈની વાર્ષિક સભાને સંબોધન કર્યું : નવા કૃષિ કાયદાથી ખેડૂતોને નવા બજાર, નવા વિકલ્પ મળશે : કોરોનાને લીધે પરિસ્થિતિઓ જેટલી ઝડપથી બગડી તેટલી જ ઝડપથી સુધરી રહી હોવાનો દાવો

નવી દિલ્હી, તા.૧૨

આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફેડરેશન ઓફ ઈન્ડિયન કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (એફઆઈસીસીઆઈ)ની ૯૩મી વાર્ષિક સભા (એજીએમ)ને વીડિયો કોન્ફરન્સ દ્વારા સંબોધન કર્યું હતું. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, વર્ષ ૨૦૨૦ ટ્વેન્ટી-ટ્વેન્ટીની મેચમાં અમે ઘણીવાર સ્થિતિઓને ખૂબ જ ઝડપથી બદલાતી જોઈ છે. પરંતુ વર્ષ ૨૦૨૦ બધાને પાછળ મૂકી ગયું. આપણા દેશ અને આખી દુનિયાએ આ વર્ષે ઉથલ-પાછલ જોઈ. કોરોનાને લીધે પરિસ્થિતિઓ જેટલી ઝડપથી બગડી તેટલી જ ઝડપથી સુધરી રહી છે.

મોદીએ કહ્યું હતું કે, કૃષિ ક્ષેત્રમાં થયેલા સુધારાનો સૌથી વધુ લાભ ખેડૂતોને થશે. કૃષિ અને તેની સાથે જોડાયેલા ક્ષેત્ર જેમ કે ફૂડ પ્રોસેસિંગ, કોલ્ડ ચેઈન સહિતના ક્ષેત્ર વચ્ચે દિવાલો હતી. હવે આ દીવાલો હટાવવામાં આવી રહી છે. હવે ખેડૂતોને નવા બજારો અને નવા વિકલ્પો મળશે. ખેતીમાં વધુ રોકાણ થશે.



વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે, આજે ભારતનો કૃષિ ક્ષેત્ર પહેલા કરતા વધુ ગતિશીલ છે. આજે ખેડૂતો પાસે પણ મંડીઓની બહાર વેચવાનો વિકલ્પ છે. ખેડૂતોને ડિજિટલ પ્લેટફોર્મ પર ખરીદી અને વેચાણનો પણ વિકલ્પ આપ્યો છે. આનાથી ખેડૂતોને નવા વિકલ્પ અને નવા બજાર મળશે. ખેડૂત સમૃદ્ધ થાય તો દેશનો વિકાસ થાય.

જેટલું આપણા દેશમાં કૃષિ ક્ષેત્રે ખાનગી સેક્ટરે રોકાણ કરવું જોઈતું હતું તેટલું થયું નથી. આપણે ત્યાં કોલ્ડ સ્ટોરેજની સમસ્યા છે. ખાતરની સમસ્યા છે, તેને આયાત કરવામાં આવે છે. આ માટે સાહસિકોએ આગળ આવવું જોઈએ. ખેડૂતોનો જેટલો વધુ ટેકો મળશે, તેટલું આપણે વધુ રોકાણ કરીશું. ખેડૂત અને દેશ મજબુત બનશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, છેલ્લા ૬ વર્ષમાં દુનિયાએ ભારતમાં ગજબનો વિશ્વાસ દાખવ્યો છે. આ વિશ્વાસ છેલ્લા ૭ મહિનામાં વધુ મજબૂત બન્યો છે. એફડીઆઈ હોય કે એફપીઆઈ વિદેશી રોકાણકારોએ ભારતમાં રેકોર્ડ રોકાણ કર્યું.

ભારત સરકારે જે નીતિઓ મૂકી છે અને પરિસ્થિતિને સંભાળી છે તેનાથી વિશ્વ આશ્ચર્યચકિત થઈ ગયું છે. યુપીઆઈ મારફત દર મહિને ૪ લાખ કરોડનું ટ્રાન્ઝેક્શન કરવામાં આવે છે. નાના દુકાનદારો અને શેરી વિક્રેતાઓ પણ તેમાંથી પૈસા ટ્રાન્સફર કરી રહ્યા છે.

કેટલાક લોકો માટે, ગામોનો અર્થ એવા વિસ્તારો છે જ્યાં આવવા જવામાં અસુવિધા છે. હવે અહીંની સ્થિતિ પણ બદલાઈ ગઈ છે.

# દેશના અનેક રાજ્યોમાં વરસાદ

નવી દિલ્હી, તા.૧૨

ગુજરાતમાં છેલ્લા ત્રણ દિવસથી કમોસમી વરસાદ પડી રહ્યો છે. રાજ્યમાં કુલ ૧૪૨ તાલુકામાં વરસાદ પડ્યો હતો, જેમાં સૌથી વધારે સુરતના ઉમરપાડામાં ૨ ઈંચ વરસાદ નોંધાયો છે. સાથે જ દેશના ઘણા રાજ્યોમાં વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. શુક્રવારે ઉત્તર ભારતમાં હવામાનમાં પલટો આવ્યો હતો. ઉપરાંત તાપમાનમાં ૬ ડિગ્રી સુધીનો ઘટાડો નોંધાતાં આગામી ૪૮ કલાકમાં ઠંડી વધી શકે છે.



શુક્રવારે મધ્યપ્રદેશમાં ઈન્દોર સૌથી ઠંડુ શહેર રહ્યું હતું. અહીં લઘુતમ તાપમાન ૧૯.૪ ડીગ્રી નોંધાયં હતું. રાજસ્થાનના ઉદયપુરમાં શુક્રવારે સવારે વરસાદ પડ્યો હતો. દિવસના તાપમાનમાં ૬.૬ ડીગ્રીનો ઘટાડો થયો હતો. દિલ્હીના અનેક વિસ્તારોમાં આજે સવારે વરસાદ પડ્યો હતો. સમગ્ર શહેરમાં પણ ધુમ્મસ છવાયું છે. સાથે જ હિમાચલમાં બરફવર્ષાને કારણે પંજાબમાં હવામાનમાં પલટો આવ્યો છે. શુક્રવારે મોડી રાત્રે લુધિયાણા, અમૃતસર, જલંધર સહિત અનેક જગ્યાએ વરસાદ પડ્યો હતો.

**મધ્યપ્રદેશ, રાજસ્થાન, દિલ્હી, હિમાચલ અને પંજાબના અનેક વિસ્તારોમાં વરસાદ પડતાં ઠંડી વધવાનું અનુમાન : ગુજરાતમાંમાં છેલ્લા ત્રણ દિવસથી કમોસમી વરસાદ**

હરિયાણામાં જિંદ અને પાનિપત સહિતના કેટલાક જિલ્લામાં હળવો વરસાદ પડ્યો હતો. જ્યારે આગામી ૧૨થી ૧૫ ડિસેમ્બર સુધી ધુમ્મસ થવાની સંભાવના વ્યક્ત કરાઈ છે. જ્યારે પર્વત વિસ્તારમાં હિમવર્ષા થતાં તાપમાનમાં ઘટાડો નોંધાઈ શકે છે. રાજસ્થાનના અલવર અને આસપાસના વિસ્તારોમાં હળવો વરસાદ પડ્યો હતો, જેને કારણે તાપમાનનો પારો ૬ ડીગ્રી ઘટ્યો હતો. તો આ તરફ મધ્યપ્રદેશમાં ભોપાલ અને ઈન્દોરમાં પણ વરસાદ પડ્યો હતો. પંજાબ અને હરિયાણાના અનેક વિસ્તારોમાં પણ વરસાદ પડ્યો હતો.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને સાયક્લોનિક સર્ક્યૂલેશનનાં કારણે ગુજરાતના વાતાવરણ ઉપર અસર જોવા મળી રહી છે. ગઈકાલે કમોસમી વરસાદ અને આજે ધુમ્મસ ભર્યું વાતાવરણ સર્જાયું છે.

# પ.બંગાળના ૩ આઈપીએસને ડેપ્યુટેશન માટે દિલ્હીથી સમન્સ

## નડ્ડાના કાફલા પર હુમલામાં કેન્દ્ર સરકાર એક્શનમાં : ગૃહ મંત્રાલયના એક્શન ઉપર ટીએમસીનો કેન્દ્ર ઉપર બંગાળના IAS-IPS અધિકારીઓને ડરાવવાનો આરોપ

નવી દિલ્હી, તા.૧૨

પશ્ચિમ બંગાળમાં ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ જેપી નડ્ડાના કાફલા પર થયેલા હિંસક હુમલાના મુદ્દે ત્રણ આઈપીએસ અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. ત્રણે અધિકારીઓને ડેપ્યુટેશન પર દિલ્હીથી સમન મોકલવામાં આવ્યો હતો. ગૃહ મંત્રાલયની એક્શન પર બંગાળની સત્તાધીશ પાર્ટી ટીએમસીએ પ્રતિક્રિયા આપતા કેન્દ્ર સરકાર પર બંગાળના આઈએએસ અને આઈપીએસ અધિકારીઓને ડરાવવાના આરોપ લગાવ્યા હતા. ટીએમસી સાંસદ કલ્યાણ બેનરજીએ કેન્દ્ર સરકાર પર આરોપ લગાવ્યા હતા કે અધિકારીઓને ડેપ્યુટેશન પર મોકલી, સરકાર અહીં દબાણનું વાતાવરણ ઉભુ કરવાના પ્રયત્ન કરી રહી છે. કેન્દ્ર સરકાર અહીં ઈમરજન્સીની સ્થિતિ પેદા કરવાના પ્રયન્ત કરી રહી છે. બીજી તરફ પશ્ચિમ બંગાળમાં બીજેપી નેતાઓ-કાર્યકર્તાઓ પર થઈ રહેલા હિંસક હુમલાઓને મુદ્દે બીજેપી મહાસચિવ અને પશ્ચિમ બંગાળના પ્રભારી કૈલાશ વિજયવર્ગીયએ મમતા સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. નોંધનીય છે કે, જેપી નડ્ડા બે દિવસના પ્રવાસે પશ્ચિમ બંગાળમાં હતા. ગુરુવારે તેમના કાફલા પર પથ્થરમારો કરાયો હતો. આ દરમિયાન કૈલાશ વિજયવર્ગીય ઘાયલ થયા હતા. આ સમગ્ર કેસમાં અત્યાર સુધી ત્રણ એફઆઈઆર કરાઈ હતી અને સાત લોકોની ધરપકડ કરવામાં આવી હતી.

# રાજ્યમાં કોરોનાના નવા ૧૨૦૪ કેસ

રાજ્યમાં કોરોનાની સ્થિતી દિવસેને દિવસે ગંભીર થતી જાય છે. ધીરે ધીરે હવે કોરોનાનો આંકડો ૧૪૦૦ ને પાર પહોંચ્યો હતો. જો કે હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો હોય તે પ્રકારે આંકડા ઘટી રહ્યા હતા અને એક સમયે કેસ ૧૦૦૦ની નીચે જતા રહ્યા હતા. જો કે દિવાળી સમયે અચાનક કેસોની સંખ્યામાં ઉછાળો જોવા મળ્યો હતો. જો કે રાત્રી કર્ફ્યૂ બાદ સ્થિતી ધીરે ધીરે થાળે પડી રહી હોય તેમ આંકડા ધીરે ધીરે ઘટવા લાગ્યા છે. આજે રાજ્યમાં નવા ૧૨૦૪ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૧૩૩૮ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨,૦૮,૮૬૭ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૨.૨૧ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. આજે રાજ્યમાં કુલ ૬૦,૪૨૩ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૯૨૯.૫૮ પ્રતિ મીલીયન થાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૮૬,૧૩,૫૮૭ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫,૩૯,૦૪૬ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫,૩૮,૯૧૨ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જ્યારે ૧૩૪ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૩,૪૮૧ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૬૮ છે. જ્યારે ૧૩,૪૧૩ લોકો સ્ટેબલ છે. ૨,૦૮,૮૬૭ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૪૧૬૦ લોકોનાં મોત નિપજ્યા છે.

આજે ૧૨ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશનના ૦૫, સુરત કોર્પોરેશન ૦૨, આણંદના ૧, મહેસાણાના ૧, નવસારીના ૧, રાજકોટ કોર્પોરેશનના ૧, વડોદરાના ૧ વ્યક્તિ સહિત કુલ ૧૨ દર્દીઓનાં કોરોનાને કારણે મોત નિપજ્યાં છે.



## અરવલ્લી જીલ્લામાં ધુમ્મસભર્યુ વાતાવરણ જોવા મળી રહ્યું છે

ધુમ્મસના પગલે વિઝીબિલિટી ઘટતા વાહનચાલકોને ભારે હાલાકી જોવામાં આવી હતી. મોડાસા શહેરમાં વાહનચાલકો વહેલી સવારથી હેડલાઈટ ચાલુ કરવા વાહનચાલકો મજબૂર બન્યા હતા. અમદાવાદ-ઉદેપુર ને.હા. નં-૮ પર ધુમ્મસના પગલે ટ્રક ચાલકો સહીત અન્ય વાહનચાલકો રોડ પર જ થંભી ગયા હતા. જીલ્લામાં વાદળછાયું વાતાવરણ રહેતા તાપમાનમાં ઘટાડો થતા ઠંડીનો અહેસાસ લોકો અનુભવી રહ્યા છે.

# કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા બન્યા પેજ પ્રમુખ

ગાંધીનગર,તા.૧૨

ભાજપના મંત્રી મોવડીઓમાં પેજ પ્રમુખ બનવાનો સિલસિલો શરૂ થયો છે. સીઆર પાટીલ, મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અત્યાર સુધી પોતાના વોર્ડમાં પેજ પ્રમુખ બની ચૂક્યા છે. ત્યારે આ લિસ્ટમાં હવે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા નું નામ સામેલ થયું છે. કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા પણ પેજ પ્રમુખ બન્યા છે. તેઓ પાલિતાણા વિધાનસભાના ૧૨૨ નંબરના બૂથ પરના પેજ પ્રમુખ બન્યા છે. તેઓએ ભાવનગર જિલ્લા પ્રમુખને પોતાના પેજની યાદી સોંપી છે. ભાજપ પ્રમુખ સીઆર પાટીલે તમામ સાંસદો, ધારાસભ્યોને પેજ સમિતિનું કામ પૂર્ણ કરવા ટકોર કરી હતી.

જેના બાદ આ સિલસિલો શરૂ થયો છે. હવે ભાજપમાં દિગ્ગજ નેતાઓ પેજ પ્રમુખ બનીને મોટી ભૂમિકા ભજવી રહ્યાં છે. પ્રદેશ પ્રમુખ, મુખ્યમંત્રી બાદ હવે નાયબ મુખ્યમંત્રી પણ પેજ પ્રમુખ બન્યા છે. તાજેતરમાં ભાજપ પ્રદેશ પ્રમુખ સીઆર. પાટીલે આ વિશે આહવાન કર્યું હતું. ભાજપના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ દ્વારા અગાઉ જાહેર સભામાં કહેવામાં આવ્યું હતું કે, જેને પણ વિધાનસભાની ટિકિટ જોઈતી હોય તેઓએ પહેલાં પોતાનું પેજ મજબૂત કરવું પડશે.

# ડીસામાં સ્વર્ગસ્થ પોલીસ જવાનની યાદમાં ડે-ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ

ડીસા, તા. ૧૨

ડીસા તાલુકા પોલીસ મથકમાં ફરજ બજાવતાં સ્વર્ગસ્થ પોલીસ જવાનની યાદમાં ડીસાના સ્પોર્ટ્સ ક્લબ મેદાન ખાતે ડે ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ થયો છે. જેમાં ગુજરાતની જુદી જુદી ૧૬ ટીમના ખેલાડીઓ ભાગ લઈ રહ્યાં છે.

ડીસા તાલુકાના બાઈવાડા ગામના રબારી સમાજના આશાસ્પદ યુવાન અને ડીસા તાલુકા પોલીસ મથકમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે બરજ બજાવતાં બાબુભાઈ હાથીભાઈ જોટાણાનું તાજેતરમાં જ દુઃખદ અવસાન થયું હતું. જેથી સ્વર્ગસ્થ પોલીસ જવાનની યાદમાં ડીસાના સ્પોર્ટ્સ કલબ મેદાન ખાતે બનાસકાંઠા રબારી સમાજ દ્વારા આયોજીત ડે ટેનિસ કિકેટ ટુર્નામેન્ટનો શુભારંભ ડીસા તાલુકા પીઆઈ એમ. જે.ચૌધરીના હસ્તે અને રબારી સમાજના યુવા આગેવાન નરસિહભાઈ દેસાઈ, અમરતભાઈ દેસાઈ, સાગરભાઈ દેસાઈ, ભુરાભાઈ દેસાઈ (ધાનપુરા), લક્ષ્મણભાઈ દેસાઈ (માણેકપુરા), સાગરભાઈ દેસાઈ (વરનોડા તલાટી) સહિત રબારી સમાજના યુવાનો, શિક્ષકગણ, સમાજના કર્મચારીઓ અને શ્રી ગોપાલ રબારી સમાજ સેવા સંગઠન ડીસા, બનાસકાંઠા જિલ્લાના હોદેદારો હાજર રહ્યા હતા. ભાગ લેનાર ટીમોએ શ્રદ્ધાંજલિ આપી ૨ મિનિટનું મૌન પાળીને શરૂઆત કરી હતી. આ ટુર્નામેન્ટ ૪ દિવસ સુધી ચાલશે. જેમાં ગુજરાતની ૧૬ ટીમો ભાગ લઈ રહી છે. ટુર્નામેન્ટના તમામ દાતાઓનો પણ ખુબ ખુબ આભાર માન્યો હતો.



# અમદાવાદમાં પ્રદીપ ઉર્ફે માયા ડોનની તલવારના ઘા ઝીંકી કરપીણ હત્યા

અમદાવાદ,તા.૧૨

અમદાવાદના કુખ્યાત પ્રદીપ ઉર્ફે માયાભાઈની તલવારોના ઘા ઝીંકી કરાઈ હત્યા દેવામાં આવી છે. અગાઉના ઝઘડામાં સમાધાન બાદ હત્યા કરાઈ હોવાનું જાણવા મળી રહ્યું છે. આ ઘટના સંદર્ભે સોલા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે, અમદાવાદ ચાણકયપુરી વિસ્તારમાં આવેલી ભવનાથ સોસાયટીમાં આ ઘટના બની છે. અમદાવાદમાં પ્રદીપ ઉર્ફે માયા ડોનની હત્યા કરી દેવાતા વિસ્તારમાં સન્નાટો વ્યાપી ગયો છે. સોલા પોલીસને જાણવા મળી રહ્યું છે કે, પ્રદીપ ઉર્ફે માયા ડોનની હત્યા કૌટુંબિક બનેવી સહિત ૭થી વધુ આરોપીએ હત્યા કરી છે. આ ઘટનાને અંજામ અગાઉના ઝઘડાની અદાવતમાં આપવામાં આવ્યો છે.

પ્રદીપ ઉર્ફે માયા ડોનની હત્યા તલવારના ઘા ઝીકીં કરાઈ છે. આ ઘટનામાં જાણવા મળી રહ્યું છે કે, શુક્રવારે રાતના ૨ વાગ્યા આસપાસ તલવારોના ઘા ઝીંકીને કરપીણ હત્યા કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. અગાઉના ઝઘડામાં સમાધાન બાદ અનિષ પાંડે નામના શખ્સે હત્યા કરી હોવાનો આરોપ છે. માયા ડોન વિરુદ્ધ વટવામાં ફરિયાદ નોંધાઈ હતી. ખેડૂત પાસે રૂ.૫૦ લાખની ખંડણી માંગી હતી. અપહરણ અને ખંડણીના અનેક ગુના નોંધાયા હતા. એ સિવાય પણ આસપાસના લોકોને માયાડોનની પજવણી હોવાની ચર્ચાઓ જોર પકડ્યુ છે.

## ડેઝીગ્નેટેડ કરાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં હાલ ૧૧૫૨ આઈસોલેશન બેડની વ્યવસ્થા છે. હાલ ૨૩૭ દર્દીઓ દાખલ છે. જેમાં ૨૨૯ દર્દીઓ સ્ટેબલ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે તેમજ હોમ આઈસોલેશન પસંદ કરનારા દર્દીઓની સંખ્યા વધી હોવાથી તંત્રની કામગીરીનું ભારણ વધવા પામ્યુ હોવાનું સૂત્રોએ જણાવ્યુ છે.

## હીલસ્ટેશનમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્ટ્રીટ લાઈટનુ અજવાળુ પણ પથરાયુ ન હતુ. ગાઢ ધુમ્મસના લીધે વાહનચાલકો ને પણ બેઘડી વિઝન ન મળે તેવી સ્થિતિ સર્જાઈ હતી. ગઈકાલથી બદલાયેલા મોસમના મિજાજના લીધે આજે પણ ઠંડી ગરમીના પારામાં વધઘટ જોવા મળી હતી. ઠંડીનો પારો ૪.૫ ડીગ્રી ઉંચકાયો હતો જયારે મહત્તમ તાપમાન પણ ૫ ડીગ્રી વધ્યુ હતુ જેના લીધે દિવસ દરમિયાન નગરજનોએ ઉકળાટ અનુભવ્યો હતો. વહેલી સવારે વરસાદી ભીંજારની અસર વચ્ચે નગરના માર્ગો પર ધુમ્મસ છવાયેલુ રહેતા દુર દુર સુધી વાતાવરણ ધુંધળુ બન્યુ હતુ. મોર્નિંગ વોક કરનારાઓ પણ ગરમ કપડામાં સજ્જ થઈને નગરમાં ધુમ્મસ વચ્ચે નિખરેલા વાતાવરણની મજા માંણી હતી. વરસાદી વાયરાની અસર વચ્ચે સવારથી જ નગરનો નઝારો હીસ સ્ટેશન જેવો બન્યો હતો. આહલાદક વાતાવરણમાં ઠંડીના ચમકારા વચ્ચે નિખરેલો પ્રાકૃતિક નઝારો આકર્ષણનુ કેન્દ્ર બન્યો હતો. સવારના સમયે ભેજનુ પ્રમાણ પણ ૯૮ ટકા પહોંચી ગયુ હતુ જેના લીધે આકાશમાંથી ઓસ વરસી હતી. ઝાકળની અસરથી સવારે ૮:૩૦ સુધી નગરના માર્ગો પરનુ વિઝન ધુંધળુ બન્યુ હતુ. વાહનચાલકોને પણ આ સ્થિતિ વચ્ચે પરેશાની વેઠવી પડી હતી. ગઈકાલની સાપેક્ષમાં ઠંડીનુ પ્રમાણ વધ્યુ હતુ. વહેલી સવારે ધુમ્મસિયા વાતાવરણ બાદ દિવસ દરમિયાન આકાશી નઝારો ચોખ્ખો રહ્યો હતો. અલબત્ત ગઈકાલે ઘેરાયેલા વાદળો આજે અદ્રશ્ય થઈ ગયા હતા. સવારે ભેજનુ પ્રમાણ વધવાની સાથે મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં પણ નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો હતો.

## બગીચાને

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બાલોદ્યાન તેમજ સરીતા ઉદ્યાનનુ પણ કામ પુર્ણ કરી દેવાયુ છે. ત્યારે હાલ સેકટરોમાં બગીચાઓનુ કામ ચાલી રહ્યુ છે. સે-૨૨ નો પણ આ યોજના અન્વયે સમાવેશ કરાયો છે. ત્યારે નવા સેકટરોમાં આ કામગીરી ઝડપથી હાથ ધરવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે. સે-૩ માં પણ છેલ્લા ૫ વર્ષથી બગીચાની હાલત અત્યંત કંગાળ બની છે. રાત્રિના સમયે બગીચામાં અંધારપટ્ટ જોવા મળે છે. જયારે હરિયાળી લોન પણ અદ્રશ્ય થઈ રહી છે. બગીચાને ફરતે ફેન્સીંગ પણ તુટેલી હાલતમાં જોવા મળે છે. આ ઉપરાંત બગીચામાં બાળકોના રમત ગમતના સાધનોના પણ ઠેકાણા નથી આવા સંજોગોમાં બગીચાને નિખારવા માટે ઝડપથી કામ હાથ ધરવામાં આવે તેવી માંગણી પણ સ્થાનિક રહીશોએ ઉઠાવી છે. સેકટરોમાં બગીચાને આકર્ષક બનાવવા માટે નવી યોજના અન્વયે કામ ચાલી રહ્યુ છે. ત્યારે અગાઉ પણ સેકટર-૩ ના રહીશોએ બગીચાના નવિનીકરણ માટે રજુઆત કરી હતી. આ અન્વયે કોર્પોરેશન કક્ષાએથી બગીચાની રોનક નિખારવા માટે આયોજન કરી દેવાયુ છે. ત્યારે સે-૩ સી માં ઝડપથી ઉદ્યાનને નિખારવાનુ કામ હાથ ધરાય તેવી લાગણી અને માંગણી પ્રબળ બની છે.

## ચેપ ફેલાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ડો. પટેલે કહ્યું કે, 'છેલ્લા ૩ મહિનામાં અમે કોરોનામાંથી સ્વસ્થ થયેલા દર્દીઓ પૈકી ૧૯ એવા કેસ જોયા છે જેમાં દર્દીને પાછળથી મ્યુકોર્મિસિસનું સંક્રમણ થયું હોય. મહામારી પહેલા આ ગંભીર ફૂગના સંક્રમણના કેસ જે રીતે જોવા મળતા હતા તેના કરતા આ વખતે ૪.૫ ગણા વધુ જોવા મળી રહ્યા છે. આ ખૂબ જ ગંભીર બાબત છે અને તમામ સારવાર આપતા ડોક્ટર્સે આ અંગે સાવધાની રાખવી જોઈએ કારણ કે આ બીમારીમાં મૃત્યુદર ૫૦ ટકા જેટલો છે.' ડો. પટેલે કહ્યું કે, દર્દીમાં નબળું સુગર કંટ્રોલ, સ્ટેરોઈડ જેવી ભારે દવાનું સેવન અને નબળી રોગપ્રતિકારક શક્તિ તેમજ હાયપર ઈન્ફલેમેશન જેવા કારણોથી કોવિડ-૧૯ દર્દી આ ફૂગ માટે ખૂબ જ સહેલા શિકાર બને છે અને દર્દી માટે તે મૃત્યુઘંટ વગાડે છે.

## વધુ ૫૬ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નોંધાયા છે. આ ઉપરાંત સે. ૧૯, ૨૫, ૨૯, ૨૩, જીઈબી, સે. ૭, સે. ૬ અને સે. ૫ તથા બોરીજ અને ધોળાકુવા ગામેથી પણ કેસો મળી આવ્યા છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાંથી કેસો મળવાના શરૂ થતાં તંત્રની ચિંતા વધી છે. આ ઉપરાંત જીઈબીમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્ર હવે આકરા પગલાં લેવાના મૂડમાં જણાય છે. જીઈબી સત્તાવાળાઓને બે વખત પત્ર પણ તંત્રને લખી ચુક્યુ છે.

શહેરમાં રિકવરી રેટ સારો જણાયો છે. શહેરમાં અત્યાર સુધીમાં ૨૬૫૩ દર્દીઓ કોરોના મુક્ત થયા છે. આજે વધુ ૨૦ દર્દીઓ રિકવર થતાં ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૨૮૯૨ થવા પામી છે. શહેરમાં ૨૦૦ થી વધુ દર્દીઓ હાલ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. આજે નોંધાયેલા દર્દીઓમાંથી બે દર્દીને સિવિલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.